# સરદાર પટેલ યુનિવર્સિટી

## વલ્લભ વિદ્યાનગર

## સિન્ડિકેટની સભા (તારીખઃ૨૬/૦૨/૨૦૨૧,શુક્રવાર)

## કાર્યનોંધ

સિન્ડિકેટની સભા, તારીખઃ૨૬/૦૨/૨૦૨૧ને શુક્રવારના રોજ સવારે ૧૦:૩૦ વાગ્યે યુનિવર્સિટીના સિન્ડિકેટ ખંડમાં, વલ્લભ વિદ્યાનગર ખાતે મળી હતી.

| ક્રમ | સભ્યશ્રીઓના નામ |
| --- | --- |
| ૧) | ડૉ. શિરીષ આર. કુલકર્ણી (કુલપતિશ્રી) |
| ૨) | ડૉ. કે.સી.પટેલ |
| ૩) | ડૉ. નિરંજનકુમાર પી. પટેલ |
| ૪) | ડૉ. વિજયસિંહ એમ.વનાર |
| ૫) | ડૉ. ભાવેશભાઇ ડી. પટેલ |
| ૬) | શ્રી અલ્પેશ હરીશભાઇ પુરોહીત |
| ૭) | શ્રી બિપીનચંદ્ર પુરષોત્તમદાસ પટેલ |
| ૮) | શ્રી કેતનકુમાર પરસોત્તમદાસ પટેલ |
| ૯) | શ્રી મહેન્દ્રભાઇ કેવલદાસ નાથી |
| ૧૦) | શ્રી કમલેશભાઇ રમેશભાઇ પટેલ |
| ૧૧) | ડૉ. યજ્ઞેશકુમાર મોહનલાલ દલવાડી |
| ૧૨) | ડૉ. મહંમદરફી ગુલાબભાઇ મન્સુરી |
| ૧૩) | ડૉ. પ્રેમચંદ્ મોરારભાઇ કોરાલી |
| ૧૪) | શ્રીમતી પ્રતિક્ષા ચુનીભાઇ પટેલ |
| ૧૫) | શ્રી મેહુલકુમાર દિનેશચંદ્ર પટેલ |
| ૧૬) | શ્રી દેવાંગભાઇ રમેશભાઇ પટેલ |
| ૧૭) | શ્રી મનિષ એસ. પટેલ |
| ૧૮) | શ્રી રાજેશભાઇ રમેશભાઇ પટેલ |
| ૧૯) | શ્રી સુનીલ સુર્યકાન્તભાઇ શાહ |

નીચેના સભ્યશ્રીઓ હાજર રહી શક્યા ન હતાઃ-

| | |
| --- | --- |
| ૧) | ડાયરેકટર, કમિશ્નર ઓફ હાયર એજ્યુકેશન, ગુજરાત રાજ્ય |
| ૨) | ડાયરેકટર ઓફ હેલ્થ, મેડીકલ સર્વિસીસ એન્ડ મેડીકલ એજ્યુકેશન |
| ૩) | જોઇન્ટ ડાયરેકટર (કમિશ્નર ઓફ ટેકનીકલ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય) |
| ૪) | શ્રી વિકાસ જીતેન્દ્રકુમાર શાહ |
| ૫) | શ્રી રાહુલ આનંદ દલાલ |
| ૬) | શ્રી સંજયકુમાર રમણભાઇ પટેલ |
| ૭) | શ્રી મીતેશભાઇ રમેશભાઇ પટેલ |

યુનિવર્સિટી ગીતના મંગળ આહવાનથી સભાની શરૂઆત કરવામાં આવી.

## (સિન્ડિકેટ વિભાગ)

૧. તારીખ:૩૦/૦૧/૨૦૨૧ને શનિવારના રોજ મળેલ સિન્ડિકેટની સભાની કાર્યનોંધ મંજૂર કરવા બાબત.
(બિડાણ: ૧ પૃ. કાર્યનોંધ)

**તારીખ:૩૦/૦૧/૨૦૨૧ને શનિવારના રોજ મળેલ સિન્ડિકેટની સભાની કાર્યનોંધ મંજૂર કરવી.**

૨. તારીખ:૩૦/૦૧/૨૦૨૧ને શનિવારના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ પસાર કરેલા ઠરાવો ઉપર કરેલી કાર્યવાહિના અહેવાલની નોંધ લેવા બાબત. (બિડાણ:૧.૧)

**તારીખ:૩૦/૦૧/૨૦૨૧ને શનિવારના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ પસાર કરેલ ઠરાવો ઉપર કરેલ કાર્યવાહીની નોંધ લેવામાં આવી.**

## (જનરલ વિભાગ)

૩. તા. ૦૯/૦૨/૨૦૨૧ના રોજ કુલપતિશ્રી દ્વારા નિયુક્ત સર્ચકમિટીએ (૧) ડૉ. બાબાસાહેબ આંબેડકર અધ્યયન પ્રકલ્પ(ચેર) (૨) શ્રી અરવિંદો ચેર ઑફ ઇન્ટીગ્રલ સ્ટડીઝ(ચેર)ના ચેરપર્સન માટે નામોની કરેલી ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે (૧) ડૉ. બાબાસાહેબ આંબેડકર અધ્યયન પ્રકલ્પ(ચેર) માટે નવા ચેરપર્સન તરીકે ડૉ. ઇલાબેન મેકવાન અને (૨) શ્રી અરવિંદો ચેર ઑફ ઇન્ટીગ્રલ સ્ટડીઝ(ચેર)માટે નવા ચેર પર્સન તરીકે ડૉ. ભાલેન્દુ વૈષ્ણવની તા.૦૫-૦૨-૨૦૨૧ તી તા.૦૪-૦૨-૨૦૨૪ સુધી નિમણૂંક કરવી.**

## (એકેડેમિક વિભાગ)

૪. નાયબ નિયામકશ્રી (કોલેજ), ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરની કચેરીના આદેશ ક્રમાંક: કવટ:૨૦૨૧/IHC2/ફાજલ/૧૪૩-૧૫૦ તારીખ:૧૬/૧/૨૦૨૧થી બિન સરકારી અનુદાનિત કોલેજનો શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ના કાર્યભારની ગણતરી કરતાં ફાજલ થતાં નકકી કરવામાં આવતા પૂર્ણ સમયના અધ્યાપકો કાર્યભાર વગરના / અલ્પ કાર્યભાર બને તેવા અધ્યાપકોને અન્ય કોલેજોમાં તે વિષયની ખાલી જગ્યા ઉપર સમાવવા અંતર્ગત કેમેસ્ટ્રી વિષયમાં પૂર્ણ સમયના વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવતા ડૉ. યોગેશકુમાર બાબુલાલ વડવાળાની એસ.એમ. પટેલ કોલેજ ઓફ હોમ સાયન્સ, વલ્લભ વિદ્યાનગર થી વી.પી. એન્ડ આર.પી.ટી.પી. સાયન્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગરમાં કેમેસ્ટ્રી વિષયમાં પૂર્ણ સમયના વ્યાખ્યાતા તરીકે રાજ્ય સરકારશ્રીએ નિમણૂંક કરેલ છે. અને તેઓ સદર કોલેજમાં તારીખ:૧/૨/ ૨૦૨૧ના રોજ હાજર થયેલ છે તો તેમની નિમણૂંકને મંજૂરી આપવા આચાર્યશ્રીના તારીખ:૧/૨/૨૦૨૧ના પત્ર ક્રમાંક: VRSC/2020-21/635થી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધઃ (૧) **ડૉ. યોગેશકુમાર બાબુલાલ વડવાળાની શૈક્ષણિક લાયકાતની વિગત નીચે મુજબ છે.**
**શૈક્ષણિક લાયકાતઃ**
બી.એસસી. (કેમેસ્ટ્રી) એપ્રિલ-૧૯૮૯ ૬૭.૭૦ %
એમ.એસસી. (કેમેસ્ટ્રી) એપ્રિલ/મે-૧૯૯૧ ૭૩.૫૦%
**પીએચ.ડી. (હોમ સાયન્સ)(ટેક્ષ્ટાઈલ એન્ડ કલોથીંગ) માર્ચ-૨૦૧૬**

**આથી ઠરાવવામાં આવે છે કે નાયબ નિયામકશ્રી (કોલેજ), ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરની કચેરીના આદેશ ક્રમાંકઃ કવટઃ૨૦૨૧/IHC2/ફાજલ/૧૪૩-૧૫૦ તારીખઃ૧૬/૧/૨૦૨૧થી બિન સરકારી અનુદાનિત કોલેજનો શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ના કાર્યભારની ગણતરી કરતાં ફાજલ થતાં નકકી કરવામાં આવતા પૂર્ણ સમયના અધ્યાપકો કાર્યભાર વગરના / અલ્પ કાર્યભાર બને તેવા અધ્યાપકોને અન્ય કોલેજોમાં તે વિષયની ખાલી જગ્યા ઉપર સમાવવા અંતર્ગત કેમેસ્ટ્રી વિષયમાં પૂર્ણ સમયના વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવતા ડૉ. યોગેશકુમાર બાબુલાલ વડવાળાની એસ.એમ. પટેલ કોલેજ ઓફ હોમ સાયન્સ, વલ્લભ વિદ્યાનગર થી વી.પી. એન્ડ આર.પી.ટી.પી. સાયન્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગરમાં કેમેસ્ટ્રી વિષયમાં પૂર્ણ સમયના વ્યાખ્યાતા તરીકે રાજ્ય સરકારશ્રીએ નિમણૂંક કરેલ છે. અને તેઓ સદર કોલેજમાં તારીખઃ૧/૨/ ૨૦૨૧ના રોજ હાજર થયેલ છે તો તેમની નિમણુંકને માન્યતા આપવી.**

**૫. કુલપતિશ્રીએ મંજૂર કરેલા કાર્યની માહિતી :-**

(૧) **(મંજુરી આપ્યા તા. ૨૭/૦૧/૨૦૨૧) (એક્ષર્ટનલ વિભાગ)**

સ્નાતક અને અનુસ્નાતક ના બાહ્ય અભ્યાસક્રમ વર્ષ ૨૦૨૦ સુધીની પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓને એપ્રિલ/મે ૨૦૨૧ સુધી જ છેલ્લી તક આપવામાં આવેલ છે. જે બાબત કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્યની માહિતી રૂપે મંજૂર કર્યાના;

(નોંધ:

(૧) <u>સ્નાતક કક્ષા (External)નાવિદ્યાર્થીઓ માટે:</u>

સરદાર પટેલ યુનિવર્સિટીમાં ચાલતા બાહ્ય અભ્યાસક્રમમાં એકેડેમીક વર્ષ ૨૦૦૯, ૨૦૧૦, ૨૦૧૧, ૨૦૧૨, ૨૦૧૩માં અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવેલ B.A, B.COM (External) તેવા વિદ્યાર્થીઓનો અનુક્રમે તેઓના પ્રવેશમાં ૧૧,૧૦, ૯, ૮, ૭, વર્ષનો સમય ગાળો થવા આવેલ છે. વર્ષ-૨૦૨૦ સુધીની પરીક્ષાઓમાં સદર વિદ્યાર્થીઓને પૂરતા ટ્રાયલ આપવા છતાં નાપાસ થયેલ છે.

UGC Guideline on Determination of Uniform Span Period within Which a student may be allowed to Qualify Degree and R.6.12 CBCS Regulations (2017-18)

Sardar Patel University. ની જોગવાઈ મુજબ ઉપરોક્ત વિદ્યાર્થીઓને સમય અનુક્રમે ૨૦૧૬, ૨૦૧૭, અને ૨૦૧૮ માં પૂરો થયો છે. તેમ છતાં ૨૦૦૯,૨૦૧૦, ૨૦૧૧, ૨૦૧૨,૨૦૧૩,ની બેચના વિદ્યાર્થીઓને વધુ તક આપવામાં આવેલ છે.

સદર વિદ્યાર્થીઓ FY/ SY/ TY B.A/ B.COM (External) ની પરીક્ષામાં નાપાસ થયેલ છે જેથી તેવા વિદ્યાર્થીઓને એપ્રિલ/મેં ૨૦૨૧ સુધીની છેલ્લી તક આપવામાં આવે છે. ત્યારબાદ સદર વિદ્યાર્થી ઓની પરીક્ષા લેવામાં આવશે નહિ.

**(૨) <u>અનુસ્નાતક કક્ષા(External)ના વિદ્યાર્થીઓ માટે:</u>**

સરદાર પટેલ યુનિવર્સિટીમાં ચાલતા બાહ્ય અભ્યાસક્રમમાં એકેડેમીક વર્ષ ૨૦૦૮, ૨૦૦૯, ૨૦૧૦, ૨૦૧૧,૨૦૧૨, તથા ૨૦૧૩માં M.A/M.COM (External) (Previous/Final) બાહ્ય-અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવેલ તેવા વિદ્યાર્થીઓનો અનુક્રમે તેઓના પ્રવેશમાં ૧૧, ૧૦, ૯, ૮, ૭, વર્ષનો સમય ગાળો થવા આવેલ છે.વર્ષ-૨૦૨૦ સુધીની પરીક્ષાઓમાં સદરવિદ્યાર્થીઓને પૂરતા ટ્રાયલ આપવા છતાં નાપાસ થયેલ છે.

**નોંધ:** UGC Guideline on Determination of Uniform Span Period within Which a student may be allowed to Quality Degree and R.6.12 CBCS Regulations (2017-18) Sardar Patel University. ની જોગવાઈ મુજબ ઉપરોક્ત વિદ્યાર્થીઓને સમય અનુક્રમે ૨૦૧૬, ૨૦૧૭, અને૨૦૧૮ માં પૂરો થયો છે. તેમ છતાં ૨૦૦૯, ૨૦૧૦ ૨૦૧૨, ૨૦૧૩ ની બેચના વિદ્યાર્થીઓને વધુ તક આપવામાં આવેલ છે.

**(3)** <u>સદર વિદ્યાર્થીઓ B.A/B.COM(External) તથા M.A/M.COM (Previous/Final) (External)ની પરીક્ષામાં નાપાસ થયેલ છે જેથી તેવા વિદ્યાર્થીઓને એપ્રિલ/મેં ૨૦૨૧સુધીની છેલ્લી તક આપવામાં આવે છે. ત્યારબાદ સદર વિદ્યાર્થીઓની પરીક્ષા લેવામાં આવશે નહિ.</u>

**(૪)** આમ ઉપરોક્ત (3) મુજબ ફક્ત એકેડેમીક ૨૦૧૪-૧૫ના વિદ્યાર્થીઓ રહેશે.)

**કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્ય બાબત ક્રમાંકઃ ૫.૧ ને બહાલી આપવામાં આવી.**

(૨) **(મંજુરી આપ્યા તા. ૧૬/૦૧/૨૦૨૧) (એકેડેમિક વિભાગ)**

બાહ્ય અભ્યાસક્રમ સ્નાતક અને અનુસ્નાતકના અભ્યાસક્રમમાં counselling fee ઉમેરવામાં આવેલ છે, જે બાબત કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્યની માહિતી રૂપે મંજૂર કર્યાના;

**(નોંધ: (૧) તા. ૨૫-૦૧-૨૦૨૧ ના રોજ બાહ્ય અભ્યાસક્રમ(External Course)** યુનિવર્સિટી દ્વારા રચના કરેલ તેની સભા મળેલ હતી.

(૨) સદર સભામાં બાહ્ય અભ્યાસક્રમમાં SY/TYBA/B.COM અને MA/M.COM(Final)માં અનુક્રમનં. ૫ની બાબતથી નીચે મુજબની Counselling fee લેવાનું ઠરાવવામાં આવેલ છે.

**. સ્નાતક કક્ષા (એક્ષટર્નલ):-**

| ક્રમ | ફી ની વિગત | ફી કોડ | SY/TY B.A/ TYBCOM | | FYBCOM | | SY/ B.COM (External | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | પ્રવર્તમાન ફી | સૂચિત ફી | પ્રવર્તમાન ફી | સૂચિતફી | પ્રવર્તમાન ફી | સૂચિતફી |
| ૧ | અરજી પત્રક | 30981 | 200 | 200 | 200 | 200 | 200 | **200** |
| ૨ | એનરોલમેન્ટ રજીસ્ટ્રેશન ફી | 30981 | 0 | 0 | 700 | 700 | 0 | 0 |
| **3** | સિલેબસ ફી અને પ્રોસેસીંગ (Counseling) ફી મટીરિયલ ફી | 30981 | 500 | **1500** | **1500** | **1500+** (મટીરીયલ) **715** / **2215** | 500 | **1500+** (મટીરીયલ) **840** / **2340** |
| ૪ | પરીક્ષા ફી/ માર્કશીટ ફી | B.A/M.A 10001 B.Com/ M.COM 10004 | 760 | 760 | 500 | 500 | 760 | 760 |
| કુલ | | | 1460 | 2460 | 2900 | 3615 | 1460 | 3300 |

❖ **નોંધ: FYBCOM તથા SYBCOM માટે** યુનિવર્સિટી દ્વારા તૈયાર કરેલ પુસ્તકો(મટીરિયલ) ક્રમ- 3 સિલેબસ ફી, પ્રોસેસિંગ ફી તથા મટીરિયલ ફી સહિત 500+(1000 Counseling ફી ) + (રૂ|.715/- FYBCOM), રૂ|.840/- (SYBCOM) ના વિદ્યાર્થી પાસેથી ફી લેવામાં આવશે

**અનુસ્નાતક કક્ષા (એક્ષટર્નલ):-**

| ક્રમ | ફી ની વિગત | ફી કોડ | M.A./M.COM FINAL (External) | |
|---|---|---|---|---|
| | | | પ્રવર્તમાન ફી | સુચિત ફી |
| ૧ | અરજી પત્રક | 30981 | 0 | 0 |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | રજીસ્ટ્રેશન ફી | 30981 | 0 | 0 |
| 3 | સિલેબસ ફી અને પ્રોસેસીં ગ (Counseling) ફી | 30981 | 500 | **1500** |
| ૪ | પરીક્ષા ફી/માર્કશીટ ફી | B.A/M.A 10001 B.Com/M.COM 10004 | 1100 | 1100 |
| કુલ | | | 1600 | 2600 |

(3) SY/TY BA/B.COM (External)માં સિલેબસ ફી અને પ્રોસેસીંગ Couselling fee. <u>રૂા-1000/-</u> અને MA/M.COM (Final)માં Couselling fee <u>રૂા.1000/-</u> કરવા ભલામણ કરવામાં આવી.)

**બાબત ક્રમાંકઃ૫.૨ને હાલ પુરતી મુલ્તવી રાખવામાં આવી.**

(**<u>એકેડેમિક વિભાગ</u>**)

૬. **તારીખઃ૧૨/૨/૨૦૨૧ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.** (બિડાણઃ ૨ પૃ. કાર્યનોંધ)

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૧૨/૨/૨૦૨૧ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની સભાની ભલામણો મંજુર કરવી.**

૭. **કાર્યકારી આચાર્યશ્રી, સેક્રેટરીશ્રી, શ્રી ડી.એન. ઇન્સ્ટિટયુટ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન કોલેજ, આણંદના તારીખઃ૧૯/૨/૨૦૨૧ના પત્ર નં.** DNICA/W-2-327/2020-21**થી નીચેના અધ્યાપકની કરવામાં આવેલ નિમણૂંકને માન્યતા આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત;**

**<u>શ્રી ડી.એન. ઇન્સ્ટિટયુટ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન કોલેજ, આણંદ</u>**

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| ૧. | Dr. Tamanna Manishkumar Prajapati (Dr. Tamanna Nasirbhai Kachwala)<br>બી.એસસી. (કોમ્પ્યુટર સાયન્સ)<br>એપ્રિલ-૨૦૦૪ ૭૭.૭૦%<br>એમ.સી.એ. (લેટરલ) જૂન-૨૦૦૬ ૬૪.૯૦%<br>**<u>પીએચ.ડી. (કોમ્પ્યુટર સાયન્સ) ફેબ્રુઆરી-૨૦૨૦</u>**<br>**<u>શૈક્ષણિક અનુભવ</u> :**૧૨ વર્ષ ૧૧ માસ લેકચરર | Assistant Professor in B.C.A. | No. IQAC/API/ 20-21/103 dated: 1.12.2020 મુજબ લાયકાત ધરાવે છે. |

**આથી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન Statute:196 અને Statute:197ની જોગવાઈ મુજબ શ્રી ડી.એન. ઈન્સ્ટિટયુટ ઓફ કોમ્પ્યુટર એપ્લીકિશન કોલેજ, આણંદમાં ઉપરોકત ક્રમાંકઃ ૧ ની કરેલ અધ્યાપકની નિમણૂંકને માન્યતા આપવી.**

૮. આચાર્યશ્રી, ચેરમેનશ્રી, ભાર્ગવા હોમિયોપેથિક મેડીકલ કોલેજ, દહેમીના તારીખઃ૫/૧/૨૦૨૧ના પત્ર નં. BHMC/PRI/CENTRAL/OUTWARD/2021થી નીચેના અધ્યાપકની કરવામાં આવેલ નિમણૂકને માન્યતા આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

**ભાર્ગવા હોમિયોપેથિક મેડીકલ કોલેજ, દહેમી**

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| ૧ | Dr. Rajan Laljiram Varma<br>બી.એચ.એમ.એસ., જૂન-૨૦૦૯ ૫૭.૭૫%<br>એમ.ડી.(હોમિયોપેથી)(રેપર્ટરી) માર્ચ-૨૦૧૬<br>**શૈક્ષણિક અનુભવ**<br>૪ વર્ષ ૯ માસ લેકચરર | Assistant Professor in Surgery | No. IQAC/API/20-21/95 dated : 25.11.2020 મુજબ લાયકાત ધરાવે છે. |

**આથી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન Statute:196 અને Statute:197ની જોગવાઈ મુજબ ભાર્ગવા હોમિયોપેથિક મેડીકલ કોલેજ, દહેમીમાં ઉપરોકત ક્રમાંકઃ ૧ ની કરેલ અધ્યાપકની નિમણૂંકને માન્યતા આપવી.**

(**એસ્ટેટ વિભાગ**)

૯. **નવનિર્મિત યુનિવર્સિટી ઓડિટોરીયમ માટે યુનિવર્સિટી કોલોની સ્થિત વલ્લભ સેવા આશ્રમની ૪૯૩૭ ચો.ફૂટ જગ્યા ઉપલબ્ધ કરાવવા વિચારણા કરવા બાબત.**

(નોંધ (૧) યુનિવર્સિટી કોલોનીના અંત ભાગે તથા સરદાર પટેલ પથ ઉપર/પાસે યુનિવર્સિટી ઓડિટોરીયમ આકાર લઈ રહયુ છે.

(૨) સંબંધિત પ્રોજેકટ અંદાજે રૂા. ૧૫ કરોડનો થશે.

(૩) યુનિવર્સિટી કોલોની તથા બોટનિકલ ગાર્ડન પાસે વલ્લભ સેવા આશ્રમ છે.

(૪) વલ્લભ સેવા આશ્રમની જલારામ સોસાયટી તરફના રોડ ઉપર જમીન ઉપલબ્ધ છે, જેની અંદાજે જમીન ૪૯૩૭ ચો.ફૂટ જો યુનિવર્સિટીના ઓડિટોરીયમ માટે ઉપલબ્ધ થાય તો તે જગ્યાને પાર્કિંગની સુવિધામાં વધારો થઈ શકે તેમ છે.

(૫) યુનિવર્સિટીના બોટનિકલ ગાર્ડનની તદ્અનુસારની કોઈક જગ્યા વલ્લભ સેવા આશ્રમને આપવા માટે વિચારણા કરવાની થાય.

(૬) સદર બાબતે વિચારણા કરી શકાય તે માટે અત્રે રજૂ કરી છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે નવનિર્મિત યુનિવર્સિટી ઓડિટોરીયમ માટે યુનિવર્સિટી કોલોની સ્થિત વલ્લભ સેવા આશ્રમને નીચે પ્રમાણેના વિકલ્પો સુચવવા.**

**૧. ૪૯૩૭ ચો.ફૂટ જગ્યા ઉપલબ્ધ કરાવવા વલ્લભ સેવા આશ્રમ યુનિવર્સિટીને દાન પેટે જમીન આપે.**

**૨. ભાડાપટ્ટે જમીન લેવી.**

**૩. યુનિવર્સિટી દ્વારા ટોકન કિંમતે જમીનની ખરીદી કરવી. અથવા**

**૪. વલ્લભ સેવા આશ્રમ અને યુનિવર્સિટી વચ્ચે જમીનની સાટા (વિનિમય)કરવી.**

**(મહેકમ વિભાગ)**

૧૦. યુનિવર્સિટીમાં નીચે જણાવેલા શિક્ષક કર્મચારીઓ તેમના નામ સામે દર્શાવેલ તારીખે ૬૨ વર્ષની વય પૂરી કરતા હોઈ તેઓ નિયમાનુસાર તારીખઃ ૩૧-૧૦-૨૦૨૧ના રોજ (ઓફિસ સમય બાદ) નિવૃત્ત થશે તેની નોંધ લેવા બાબત.

| અનુ. નં. | નામ અને હોદ્દો | વિભાગ | જન્મ તારીખ | ૬૨ વર્ષની વય પૂરી કર્યાની તારીખ |
|---|---|---|---|---|
| ૧. | ડૉ. (શ્રીમતી) રેમા સુભાસ<br>પ્રોફેસર | અનુસ્નાતક હોમસાયન્સ વિભાગ | ૨૯-૦૬-૧૯૫૯ | ૨૮-૦૬-૨૦૨૧ |
| ૨. | ડૉ. મીલીન્દ ભાનુપ્રસાદ ભટ્ટ<br>ઓસો. પ્રોફેસર, (ડીસીએએસ) | અનુસ્નાતક આંકડાશાસ્ત્ર વિભાગ | ૦૯-૦૯-૧૯૫૯ | ૦૮-૦૯-૨૦૨૧ |
| ૩. | ડૉ. નરેશકુમાર મનોહરલાલ બત્રા<br>એસો. પ્રોફેસર, (ડીસીએએસ) | અનુસ્નાતક મટીરીયલ સાયન્સ વિભાગ | ૦૬-૧૦-૧૯૫૯ | ૦૫-૧૦-૨૦૨૧ |
| ૪. | ડૉ. સુરેશભાઇ ચીન્તુભાઇ પાડવી<br>એસો. પ્રોફેસર | અનુસ્નાતક શિક્ષણશાસ્ત્ર વિભાગ | ૦૮-૧૦-૧૯૫૯ | ૦૭-૧૦-૨૦૨૧ |
| ૫. | ડૉ. રાજેન્દ્રકુમાર કાંતિલાલ માંડલીયા<br>એસો. પ્રોફેસર | અનુસ્નાતક અંગ્રેજી વિભાગ | ૧૩-૧૦-૧૯૫૯ | ૧૨-૧૦-૨૦૨૧ |
| ૬. | ડૉ. નંદીબાટલા વિશ્વાનંદા શાસ્ત્રી<br>પ્રોફેસર (સીએએસ) | અનુસ્નાતક રસાયણશાસ્ત્ર વિભાગ | ૧૭-૧૦-૧૯૫૯ | ૧૬-૧૦-૨૦૨૧ |

(નોંધઃ રાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગના તારીખઃ ૩૦-૧૨-૨૦૦૦ના ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૧૨૦૦૦/ખના સંદર્ભમાં યુનિવર્સિટીના શિક્ષકોની નિવૃત્તિ અંગેના નિયમાનુસાર શિક્ષકની

નિવૃત્તિ વય તારીખઃ ૧૫મી જૂનથી ૩૧મી ઓક્ટોબર વચ્ચે આવતી હોય તેવા કિસ્સામાં નિવૃત્તિ ૩૧મી ઓક્ટોબર ગણાય. જ્યારે ૧લી નવેમ્બરથી ૧૪મી જૂન વચ્ચે નિવૃત્તિ વય આવતી હોય તેવા કિસ્સામાં ૧૪મી જૂન સુધી આપોઆપ લંબાયેલી ગણવાની જોગવાઈ અનુસાર ઉપરોક્ત શિક્ષક કર્મચારીઓ તારીખઃ ૩૧-૧૦-૨૦૨૧ના રોજ નિવૃત્ત થશે.)

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત કર્મચારીઓની નિવૃત્તિની નોંધ લેવી અને શુભેચ્છા પાઠવવી.**

(**એકેડેમિક વિભાગ**)

૧૧. સ્ટેચ્યૂટ-૭૬ને અનુરૂપ હોમિયોપેથિ અભ્યાસ સમિતિની નવરચના કરવા તથા તેના અધ્યક્ષશ્રી(ચેરમેન)ની નિમણૂક કરવા બાબત. (બિડાણઃ૩ પૃ. યાદી )

(નોંધઃ- (૧) હોમિયોપેથિ અભ્યાસ સમિતિની મુદત તેમજ તેના કાર્યકારી અધ્યક્ષ ડૉ. જીમીશ જે. પટેલની મુદત તારીખઃ ૨૫/૨/૨૦૨૧ ના રોજ પુરી થાય છે. જેથી અભ્યાસ સમિતિની પુનઃરચના અને અધ્યક્ષની નિમણૂક કરવાની થાય છે.

(૨) સ્ટે.૭૬ અનુસાર હોમિયોપેથિ અભ્યાસ સમિતિઓની નવરચના કરવાની હોવાથી યુનિવર્સિટી સંલગ્ન હોમિયોપેથિક કોલેજો દ્વારા આપેલ અધ્યાપકોની માહિતીને ધ્યાને લઇ હોમિયોપેથિ અભ્યાસ સમિતિમાં સ્ટે.૭૬ અનુસાર લાયકાત ધરાવતા અધ્યાપકોની માહિતીની ચકાસણી કરી તેને ફાઇનલ કરવા માટે માનનીય કુલપતિશ્રીએ નિમેલ કમિટીની સભા તારીખઃ ૨૦/૨/૨૦૨૧ના રોજ મળી હતી. સદર સભાએ ભલામણ કર્યા અનુસાર હોમિયોપેથિ અભ્યાસ સમિતિની યાદી તૈયાર કરેલ છે. જે આ સાથે સામેલ છે.

(૩) અભ્યાસ સમિતિની તથા તેના અધ્યક્ષની નિમણૂક ત્રણ વર્ષ માટે કરવાની છે.

(૪) સ્ટેચ્યુટ-૭૮ અન્વયે સિનિયર અધ્યાપકોમાંથી અભ્યાસ સમિતિના અધ્યક્ષની નિમણૂક કરવાની હોય છે.)

**ઉપરોક્ત બાબતને હાલ પુરતી મુલ્તવી રાખવામાં આવી.**

૧૨. **અનુસ્નાતક ગણિતશાસ્ત્ર વિભાગના વડાશ્રીની નિમણૂંક કરવા બાબત.**

**ચર્ચા વિચારણાના અંતે આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક ગણિતશાસ્ત્ર વિભાગના વડાશ્રી તરીકે ડૉ. એ. એચ. હાસ્માની ની તાઃ૨૭/૦૨/૨૦૨૧ થી તાઃ૨૬/૦૨/૨૦૨૬ સુધી પાંચ વર્ષ માટે યુનિવર્સિટીના નિયમાનુસાર નિમણૂંક કરવી.**

**(સિન્ડિકેટ વિભાગ)**

**૧૩.** **શ્રી દેવાંગભાઇ પટેલ સિન્ડિકેટ સદ્સ્યશ્રીએ તેમના પત્ર તા.૧૪/૧૨/૨૦૨૦, તા.૧૨/૦૧/૨૦૨૧ તથા તા.૨૦/૦૨/૨૦૨૧ થી યુનિવર્સિટીને નીચે દર્શાવેલ યાદી મુજબ દરેક વ્યકિતને નામે રૂા.૫,૦૦,૦૦૦/- અને તેથી વધુ અને રૂા.૧,૦૦,૦૦૦/- થી રૂા.૫,૦૦,૦૦૦/- નું દાન સ્વીકારી યુનિવર્સિટીના કાયદાની કલમ 15 II (B) (iii) અને (iv) મુજબ દાતા તરીકે નામોની નોંધણી કરવા તથા આ દાનનો ઉપયોગ પટેલ શારદાબેન ઈન્દુભાઈ ઈપ્કોવાલા ચેરીટેબલ ટ્રસ્ટ- નડિયાદ તરફથી આવેલ IPCOWALA SPORTS COMPLEX ૧૦ વર્ષની નિભાવણી માટે કરવા વિનંતી કરેલ છે. તે પ્રમાણે કુલ રૂા.૧,૦૦,૦૦,૦૦૦/-(૧ કરોડ)નું દાન યુનિવર્સિટીમાં આપેલ છે. જેની નોંધ લઇ દાતાશ્રીને આભાર પત્ર પાઠવવા અંગે વિચારણા કરવા બાબત.**

| Donor List of 5 Lacs and Above | | |
|---|---|---|
| 1 | Rajesh Mohabbatsingh Gadhvi | **500000** |
| 2 | Dilipkumar Jayantilal Desai | **500000** |
| 3 | Karamjitkaur Dilipkumar Desai | **500000** |
| 4 | Tarachand Asudomal Hotchandani | **500000** |
| 5 | Luvekumar Ishwerbhai Hotchandani | **500000** |
| 6 | Devarsh Girishchandra Upadhyay | **500000** |
| 7 | Geeta Devarsh Upadhyay | **500000** |
| 8 | Sumeet Tahalram Sherwani | **500000** |
| 9 | Pareshkumar Ramanbhai Patel | **500000** |
| 10 | Alkaben Pareshbhai Patel | **500000** |
| 11 | Akshika Bhupendra Desai | **500000** |
| 12 | Vishal Kirankumar Bhavsar | **500000** |
| 13 | Krishna Vishal Bhavsar | **500000** |
| 14 | Yogeshkumar Subhashchandra Varma | **500000** |
| 15 | Vandanaben Yogeshkumar Varma | **500000** |
| | | **7500000** |

| Donor List of 1 Lakh to 5 Lakh Category | | |
|---|---|---|
| 1 | Mitaben Dharmesh Pandya | **100000** |
| 2 | Aditi Parth Dhagat | **100000** |
| 3 | Parth Dipak Dhagat | **100000** |
| 4 | Sangitaben Hitendrabhai Raval | **100000** |
| 5 | Hetalben Jayeshbhai Shah | **100000** |
| 6 | Kamleshbhai Santuram Kansara | **100000** |
| 7 | Sunandaben Kamleshbhai Kansara | **100000** |
| 8 | Jayesh Jashvantlal Shah | **100000** |

| | | |
|---|---|---|
| 9 | Bharti Sumeet Sherwani | **100000** |
| 10 | Mineshkumar Vinodchandra Mehta | **100000** |
| 11 | Nimishaben Mineshkumar Mehta | **100000** |
| 12 | Umeshbhai Kantibhai Contractor | **100000** |
| 13 | Vinaben Umeshbhai Contractor | **100000** |
| 14 | Jagdishchandra Vitthalbhai Patel | **100000** |
| 15 | Lajja Amitkumar Ganatra | **100000** |
| 16 | Alpaben Atulkumar Patel | **100000** |
| 17 | Karan Pareshkumar Patel | **100000** |
| 18 | Hetalben Hitendrakumar Dave | **100000** |
| 19 | Mayank Harshadbhai Soni | **100000** |
| 20 | Tulsiben Prashantbhai Pandya | **100000** |
| 21 | Prashant Kanubhai Pandya | **100000** |
| 22 | Harsh Yogeshkumar Shah | **100000** |
| 23 | Daxaben Rajendrakumar Sompura | **100000** |
| 24 | Archanaben Mehulkumar Sompura | **100000** |
| 25 | Forum Darshankumar Sompura | **100000** |
| | | **2500000** |

**આથી ઠરાવવામાં આવે છે કે સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે IPCOWALA SPORTS COMPLEX ૧૦ વર્ષની નિભાવણી ખર્ચ માટે કુલ રૂ.૧,૦૦,૦૦,૦૦૦/-(૧ કરોડ)નું દાન યુનિવર્સિટીમાં આપેલ તે અન્વયે યુનિવર્સિટીને મળેલ દાનની રકમ ની સહર્ષ નોંધ લીધી અને દાતાશ્રીને આભાર પત્ર પાઠવવો તથા આગામી સેનેટ સભામાં આ બાબત રજૂ કરવી.**

(**મહેકમ વિભાગ**)

**૧૪. ડૉ. એમ. નટરાજનો તારીખઃ૨૧/૦૮/૨૦૨૦ના પત્રથી સમીતીનો અહેવાલ સ્વીકારી તથા સસ્પેન્શન પાછુ ખેચવા અંગેની રજુઆત ઉપર ચર્ચા વિચારણા કરવા બાબત.** (બિડાણ:૪)

(નોંધઃ

૧. ડૉ. કિરણ કાલીયા તત્કાલીન પ્રોફેસર એન્ડ હેડ અનુસ્નાતક બાયોસાયન્સ વિભાગ સરદાર પટેલ યુનિવર્સિટી એ તેમના તારીખઃ૧૩-૦૪-૨૦૧૨નાં પત્રાંકઃપીજીબી/કેકે/હેડ/૪૯થી તેમના વિભાગમાં ફરજ બજાવતાં ડૉ. એમ. નટરાજ વિરૂધ્ધ જાતીય સતામણી બાબતનો ખાનગી પત્ર વુમન સેલ સરદાર પટેલ યુનિવર્સિટીને મોકલાવેલ જે અંર્તગત વુમનસેલના રીર્પોટ તથા કુલપતિશ્રી ધ્વારા વન મેન કમીટી(બાહ્ય)ની રચના કરી તેના દ્વારાં આપવામા આવેલ રીર્પોર્ટ રજુ કરવામાં આવેલ.

૨. ઉક્ત રીર્પોટના અનુસંધાનમાં તત્કાલીન કુલપતિશ્રીએ તેમના તાઃ૧૨-૦૪-૨૦૧૩નાં પત્રાંકઃ વીસી/૨૦૧૩/૩૬૧થી ડૉ.નટરાજને તાત્કાલીક અસરથી બે માસ માટે સસ્પેન્ડ કરવા જણાવેલ.

૩. તા:૦૧-૦૫-૨૦૧૩નાં પત્રાંક:rg/est/B.7/728થી તાત્કાલીક અસરથી બે માસ માટે ફરજ મોકુફી હેઠળ મુકવાનો આદેશ કરવામાં આવેલ.

૪. ડૉ. નટરાજ દ્વારા તેમનાં તા:૦૯-૦૫-૨૦૧૩નાં રોજ આ બાબતે મા. કુલપતિશ્રીને ઉદ્દેશીને માફી માંગતો પત્ર લખી ભવિષ્યમાં આ પ્રકારની ઘટના નહી ઘટે તેમ જણાવેલ તથા તા:૧૪-૦૫-૨૦૧૩નાં પત્રથી તેઓની અપીલ સિન્ડીકેટ સમક્ષ રજૂ કરવા જણાવેલ.

૫. ડૉ. નટરાજને બે માસ માટે ફરજ મોકુફી હેઠળ મુકાયા હોઇ તેઓને મે.-૨૦૧૩ પેઈડ ઇન જુન-૨૦૧૩નો ખરેખર ચુકવવા પાત્ર પગાર (નિયમ મુજબ કપાત બાદ)સરદાર પટેલ યુનિવર્સિટીની કોર્પોરેશન બેંક શાખામાં બચત ખાતા નંબર:૧૪૧માં રૂ.૫૧૩૯૧=૬૦પૈસા જમા કરાવેલ છે.તે રકમ આજ્ઞાનુસાર તાત્કાલિક અસરથી સ્થગિત કરવા બેન્કને સત્વરે જાણ કરતો પત્ર તારીખ :૦૫-૬-૨૦૧૩ નં:બી/પી/એમએન/૧૫૮૯થી જાણ કરેલ છે.

૬. ત્યારબાદ ડૉ.કાલીયા દ્વારા તેમનાં તા:૨૨-૦૬-૨૦૧૩નાં પત્ર ક્રમાંક:પીજીબી/કેકે/૧૯૯થી તેઓ અને ડૉ. નટરાજ એમ બન્ને એકબીજાના સદર પ્રશ્નો બાબતે સંતોષકારક છે તેમ જણાવેલ .

૭. ડૉ. નટરાજને બે માસ માટે ફરજ મોકુફી હેઠળ મુકાયા હોઇ તેઓને આ કાર્યાલયનાં તા:૨૬-૦૬-૨૦૧૩નાં પત્રાંક:બી/પી/એમએન/૨૦૭૦થી ડૉ એમ. નટરાજને ૫૦% પગાર લેખે મે-૨૦૧૩નો રૂ.૧૮,૯૪૭=૬૦ તથા જુન-૨૦૧૩નો ૨૦,૭૦૫=૬૦ની રકમ ચુકવવામાં આવેલ છે.

૮. ત્યારબાદ ડૉ. એમ. નટરાજનો ફરજ મોકુફી (બે માસનો) સમય પુર્ણ થયા બાદ ડૉ. નટરાજે તા:૦૧-૦૭-૨૦૧૩ના રોજ ફરજ ઉપર પુનઃ હાજર થયેલ છે.તે અંગેની અત્રે જાણ કરેલ છે

૯. વુમન સેલ દ્વારા નિમેલ સમીતીમાં થયેલ ચર્ચા વિચારણાનાં અંતે છેલ્લે તા:૦૩-૦૯-૨૦૧૩નાં રોજ મળેલ સમિતીના સભ્યો દ્વારા બન્ને પક્ષોને સાંભળવામાં આવ્યા હતા અને બાયોસાયન્સ વિભાગમાં સુલેહભર્યુ વાતાવરણ કાયમી બની રહે તથા સૌ ભવિષ્યમાં પરસ્પર સંવાદિતાથી કાર્યરત રહે તે માટે ડૉ. નટરાજ વિરૂધ્ધ સસ્પેન્સન ઓર્ડર રદ કરવાની આ સમીતી દ્વારા ભલામણ કરવામાં આવેલ. (બિડાણ:૧)

૧૦. ડૉ. એમ. નટરાજે તેમના તા:૨૧-૦૮-૨૦૨૦ના પત્ર ક્રમાંક:પીજીબી/એમએન/૮૦થી વડાશ્રી મારફતે કમીટીએ આપેલ રીર્પોટ સ્વીકારવા અને સસ્પેન્સન પાછુ ખેચવા માટે કાર્યવાહી કરવા વિનંતી કરેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એમ. નટરાજનો તારીખ:૨૧/૦૮/૨૦૨૦ના પત્રથી સમીતીનો અહેવાલ સ્વીકારી તથા સસ્પેન્શન પાછુ ખેચવા અંગેની રજુઆત ઉપર સસ્પેન્શન પાછુ ખેચવા સમિતિની ભલામણને મંજૂર કરવી.**

કા. કુલસચિવ

નંબર: કે.૪/ ૫૫૩૦
વલ્લભ વિદ્યાનગર
તારીખ :૦૬/૦૩/૨૦૨૧

પ્રતિ,
સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ જોગ.